આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **28-11-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## P.M. વિકસિત ભારત ચલેન્જક્વિઝ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને ક્વિઝમાં ભાગ લેવા વિનંતી કરી છે, જેથી તેઓ ઐતિહાસિક વિકિસિત ભારત યુવા નેતા સંવાદનો ભાગ બની શકે. વિકિસિત ભારત ચેલેન્જ એ ચાર તબક્કાની સ્પર્ધા છે, જેમાં યુવાનોને ભાગ લેવા અને વિચારોનું યોગદાન આપવા આમંત્રણ આપવામાં આવે છે. ચેલેન્જની શરૂઆત 25મી નવેમ્બરથી પાંચ ડિસેમ્બર સુધી ઓલ ઈન્ડિયા ડિજિટલ ક્વિઝ સ્પર્ધા સાથે થશે. આ સ્પર્ધા 15 થી 29 વર્ષની વયના તમામ વ્યક્તિઓ માટે ખુલ્લી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે આ ક્વિઝ દ્વારા યુવાનો વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવામાં અવિશ્વસનીય યોગદાન આપશે.

**RNU** અમદાવાદ

---

## P.M. સૂર્યઘર મફત વિજળી યોજના

પીએમ-સૂર્યઘર મુફ્ત બિજલી યોજના હેઠળ રૂફ ટોપ સોલર સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

લોકસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રીપાદ નાઇકે જણાવ્યું કે, દેશમાં આશરે 26 લાખ અરજીઓ મળી છે, જેમાંથી છ લાખ 16 હજાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. બે લાખ 81 હજાર સોલર સિસ્ટમ સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્રમાં એક લાખ 20 હજારથી વધુ સિસ્ટમ સ્થાપવામાં આવી છે. કેરળ અને ઉત્તરપ્રદેશમાં 51 હજાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે.

આ યોજના હેઠળ દેશનાં તમામ રહેણાંક ગ્રાહકો અરજી કરી શકે છે. સોલર રૂફટોપ સિસ્ટમ બેસાડવા માટે ગ્રાહકો નેશનલ પોર્ટલ https: / /www.pmsuryaghar.gov.in.પર અરજી કરી શકે છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રાજ્યમંત્રી મંડળની બેઠક

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઇકાલે કેબિનેટ બેઠક મળી હતી, જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

મળેલી કેબિનેટની બેઠકમાં ટેકાના ભાવે ચાલી રહેલી જણસોની ખરીદી, ખાતરની અછત અંગે ખેડૂતોની ફરિયાદ, ખ્યાતિ કાંડ બાદ ખાનગી હોસ્પિટલ માટેની માર્ગદર્શિકા, રેશનકાર્ડના kyc મુદ્દે લાગતી લાંબી કતારોના કારણો, ખેલ મહાકુંભના આયોજન અને કાયદો- વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રમતગમત રાજ્યમંત્રી-રમતવીરોને પુરસ્કાર

રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામનારા રાજ્યના ૫૬ પ્રતિભાવાન ખેલાડીઓને ૧ કરોડ ૮૮ લાખથી વધુના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા.. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર પ્રતિભાવાન ખેલાડીઓ પણ ઉભા કરશે અને તે ખેલાડીઓ માટે પૂરતા અવસર પણ ઉભા કરશે.

જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વિમિંગ સ્પર્ધામાં એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ હાંસલ કરનાર આર્યન નહેરાને સૌથી વધુ એક કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો.

આજે રાજ્ય રમત-ગમત ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે, ત્યારે દરેક ખેલાડીનું લક્ષ્ય હવે માત્ર ઓલમ્પિક જ હોવું જોઈએ, તેમ શ્રી

સંઘવીએ જણાવ્યું હતું.. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ગુજરાત સરકારે ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાનું આયોજન કર્યું છે. ખેલપ્રતિભા પુરસ્કાર હેઠળ છેલ્લા એક દાયકામાં રાજ્યના ૧ હજાર ૬૨૭ રમતવીરોને કુલ ૨૪ કરોડથી વધુના રોકડ પુરસ્કાર અપાયા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## અબડાસામાં ઘઉંનો વાવેતર

ચોમાસામાં અતિવૃષ્ટિ અને પાછોતરા વરસાદથી કપાસના પાકને નુકસાન થયું હતું ત્યારે અબડાસા વિસ્તારમાં શિયાળામાં ઘઉંનું વાવેતર પુષ્કરળ પ્રમાણમાં થઇ રહ્યું છે. જેથી ખેડૂતોને ચોમાસાના નુકસાનનું વળતર શિયાળામાં ઘઉંના પાકથી મળી જાય તેવી આશા વ્યક્ત કરાઇ છે.

હાલમાં ઘઉંનું અંદાજિત 50 હજાર એકરમાં વાવેતર કરાયું હોવાનું જણાય છે. તાલુકાના કોઠારા, ખીરસરા, સાંધવ, રવા, બીટિયારી, ભાચુંડા, વાંકુ, વાડાપદ્ધર, લાલા, પરજાઉ, સિંધોડી, ધનાવાડા, કનકપર સહિતના વિસ્તારોમાં વાવેતર શરૂ થઇ ગયું છે.

**N.P. / કલ્પના શાહ**

---------------------------------------------------------------------------

## બહુમાળી ભવનમાં આગ

જિલ્લા મથક ભુજના બહુમાળી ભવનના બીજા માળે ગઇકાલે આગ લાગતા ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવી લેતા મોટી નુકસાની ટળી હતી. બહુમાળી ભવનના બીજા માળે કલેક્ટર કચેરીના જીસ્વાનના સર્વ રૂમ અને ફેમિલી કોર્ટનો જુનું રેકર્ડ રાખ્યું હતું એ રૂમમાં આ આગ લાગી હતી. આગ લાગવાનું કારણ સામાન્ય શોર્ટસર્કિટ હોવાનું મનાઇ રહ્યું છે.

**N.P. / કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## રેલવે દ્વારા સ્ટેશનોમાં ફેરબદલ

રેલવે દ્વારા કચ્છ સહિત દેશભરના રેલવે સ્ટેશનોના નવીનીકરણની કામગીરી ચાલી રહી છે ત્યારે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના નવીનીકરણની કામગીરીને પગલે કચ્છની બે દૈનિક અને અન્ય સાપ્તાહિક ટ્રેનના સ્ટેશનોમાં ફેર બદલ કરવામાં આવશે. જે અંગેની સુચી રેલવે બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

**N.P. / કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## પ્રજ્ઞાચક્ષુ ફુટબોલ ટુર્નામેન્ટ

નવચેતન અંધજન મંડળ માધાપર તથા જિલ્લાના જાણીતા દૈનિકના સંયુક્ત ઉપક્રમે ફ્રેન્ડ્સ ઓફ કેરા, યુકેના આર્થિક સહયોગથી

જિલ્લામાં ત્રીજી વખત અખિલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. આગામી 30મી થી આયોજિત થનાર આ બે દિવસીય સ્પર્ધામાં જિલ્લા ઉપરાંત ભાવનગર, જામનગર, સુરત, વલસાડ, આણંદ તથા અમદાવાદ જિલ્લાની પ્રજ્ઞાચક્ષુ ભાઇઓ તેમજ બહેનોની ટીમ ભાગ લેશે.

**N.P. / કલ્પના શાહ**

-----------------------------------------------------------------------